# હિંમતનગર કચ્છ કડવા પાટીદાર સમાજનું ગૌરવ...



સાબરકાંઠા જિલ્લાના મૂળ તલોદ તાલુકાના મોતેશ્રીકંપાના અને હાલ ધંધાર્થે હિંમતનગરમાં સ્થાયી થયેલ મન મોટર્સવાળા અશોકભાઈ અંબાલાલ પટેલની ધોરણ :- ૪ માં અભ્યાસ કરતી પુત્રી મિસ્વા પટેલએ ૧૪ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ કોમ્યુનિટી સેન્ટર, જનકપુરી, નવી દિલ્હી ખાતે વર્લ્ડ કરાટે ફેડરેશન (WKF) સાથે સંલગ્ન સેઈકો-કાઈ કરાટે ઈન્ટરનેશનલ ઈન્ડિયા (કરાટે ઈન્ડિયા ઓર્ગેનાઈઝેશન ) દ્વારા ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નેશનલ લેવલે ૧૬મી ઓલ ઈન્ડિયા ઈન્ડિપેન્ડન્સ કપ કરાટે ચેમ્પિયનશિપ ૨૦૨૨માં અન્ડર ૧૪-૨૦ કિગ્રા કેટેગરીમાં સિલ્વર મેડલ મેળવી પરિવાર તેમજ કચ્છ કડવા પાટીદાર સમાજનું ગૌરવ વધારેલ છે.

# અરવલ્લીના હફસાબાદ છાપરા પ્રા.શાળાના આચાર્યને સલામ



શિક્ષક કભી સાધારણ નહીં હોતા પ્રલય ઓર નિર્માણ ઉસકી ગોદ મે પલતે હે', ચાણક્યની આ ઉક્તિને અત્યાર સુધી અનેક શિક્ષકો સાર્થક કરી ચુક્યા છે એક માં સો શિક્ષકોની ગરજ સારે છે એ કહેવત ખુબ જ જાણીતી છે ત્યારે 'એક સારો શિક્ષક સો માતાઓની ગરજ સારે છે' આ કહેવતને અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાની હફસાબાદ છાપરા પ્રાથમિક શાળાના આચાર્યએ સાર્થક કરી માનવતાનું ઉત્તમ ઉદાહરણ અને વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને બોધપાઠ આપતું કાર્ય કરતા શાળામાં અભ્યાસ કરતા બાળકો, ગામલોકો અને શૈક્ષણિક સ્ટાફે સરહના કરી હતી. મોડાસા તાલુકાની હફસાબાદ પ્રાથમિક શાળાના આચાર્ય નરેન્દ્ર વણકર શિસ્ત અને સ્વચ્છતાના આગ્રહી હોવાની સાથે બાળકો રૂચિ પૂર્ણ અભ્યાસ કરે તે માટે સતત પ્રયત્નશીલ રહેતા હોવાથી બાળકોમાં ખુબ જ પ્રિય છે શાળામાં એક વિદ્યાર્થી લાંબા વાળ રાખી અભ્યાસ માટે આવતા વારંવાર આચાર્યએ બાળકને વાળ કપાવવા માટે જણાવવા છતાં વાળ કાપ્યા વગર શાળાએ અભ્યાસ કરવા પહોંચતા નરેન્દ્ર વણકરે બાળકને શાળા પરિસરમાં બાળકની સંમતીથી તેના વાળ કટિંગ કરી આપતા બાળકો અને મહીલાઓ પણ શાળામાં પહોંચી હતી અને આચાર્યની કામગીરીની સરાહના કરી હતી શાળાના અચાર્ય કોઈ પણ પ્રકારની શેહ શરમ રાખ્યા વગર બાળકનાં વાળ કટિંગ કરી આપતા સમગ્ર ઘટના મોબાઈલમાં કેદ કરી લીધી હતી. શાળાના આચાર્ય નરેન્દ્રભાઈ વણકરે માનવતાનું ઉદાહરણ પૂરું પાડવાની સાથે કોઈ કામ નાનું કે મોટું નથી હોતું નો બોધપાઠ પણ બાળકો અને તેમના વાલીઓને આપ્યો હતો શાળાના આચાર્યએ ખુદ બાળકને વાળ કાપી આપતા બાળક પણ ખુશીથી ઝૂમી ઉઠ્યો હતો અને ગામલોકોએ આચાર્યની સરાહના પરિશ્રમ અત્રે ઉલ્લેખનીય છે કે હફસાબાદ પ્રાથમીક શાળાના પરિસરમાં આચાર્ય નરેન્દ્ર વણકર અને તેમના સ્ટાફ દ્વારા ઓર્ગેનિક કીચન ગાર્ડનમાં વિવિધ પ્રકારની શાકભાજી ઉઘાડી બાળકોના તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે મધ્યાહન ભોજનમાં ઉપયોગમાં લેવામાં આવે છે.

# ડીસામાં ૧૮૨ ધારાસભ્યોને બે- બે બદામ મોકલવામાં આવી



સરકારે ગૌશાળા અને પાંજરાપોળને ૫૦૦ કરોડ રૂપિયાની સહાયની જાહેરાત કર્યા બાદ હજુ સુધી ન ચૂકવતાં ગૌશાળા સંચાલકોમાં ભારે રોષ વ્યાપ્યો છે. જેમાં આજે બનાસકાંઠાના ડીસામાં સંચાલકોએ ૧૮૨ ધારાસભ્યોને સંદેશ સાથે બે બે બદામ મોકલી સહાય ચૂકવવાનું ભૂલી ગયેલી સરકારને યાદ કરાવવાનો પ્રયાસ કર્યો છે. ગૌશાળા અને પાંજરાપોળને ૫૦૦ કરોડ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કર્યા બાદ હજી સુધી સરકારે એક પણ પૈસો આપ્યો નથી. જેથી સંચાલકો દ્વારા રોજ અલગ અલગ રીતે સરકારને જગાડી સહાય મેળવવા માટેના પ્રયાસો થઈ રહ્યા છે. જે અંતર્ગત આજે ડીસામાં ગૌશાળાના સંચાલકોએ દરેક ધારાસભ્યને બે-બે બદામ સાથે સંદેશો મોકલવાનું શરૂ કર્યું છે. સરકાર જાહેરાત કર્યા બાદ સહાય આપવાનું ભૂલી ગઈ છે. ત્યારે આ બે બદામ ખાઈને સરકારને ફરી સહાય આપવાનું યાદ આવે અને ગૌશાળાને તાત્કાલિક સહાય ચૂકવે તે માટે ગૌ શાળાના સંચાલકોએ અનોખો પ્રયાસ કર્યો છે.

# ભિલોડા તાલુકા સરપંચ એસોસિએશનના નવ નિયુંક્ત હોદ્દેદારોની બેઠક યોજાઈ



અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા પંચાયત કચેરીના સભાખંડમાં ભિલોડા તાલુકા સરપંચ એસોસિએશનના નવ નિયુંક્ત હોદ્દેદારોની બેઠક યોજાઈ હતી. નવિન હોદ્દેદારોને શાલ ઓઢાડી,ફુલહાર પહેરાવી વિશેષ સન્માન કરાયું હતું.ભિલોડા તાલુકા સરપંચ એસોસિએશન પ્રમુખ વિનોદભાઈ બરંડા,મંત્રી રાજેશકુમાર અસારી,ઉપ પ્રમુખ ઓગષ્ટીનાબેન કલાસવા,સહમંત્રી પ્રદિપસિંહ ચંપાવત,સુમિતાબેન ડામોર,ખજાનચી મુકેશભાઈ તબિયાડ સહિત નવનિયુંકત સરપંચો,હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.ભિલોડા તાલુકા સરપંચ એસોસિએશન નું સંગઠન મજબુત બનાવવા સંદર્ભે વિશેષ ભાર મુંક્યો હતો.ગ્રામ્ય વિસ્તારોમાં લાભાર્થીઓ ના પડતર પ્રશ્નો કેવી રીતે હલ કરવા,સરપંચની ફરજો કેવી રીતે નિભાવવી તે સંદર્ભે ચર્ચા - વિચારણાઓ કરાઈ હતી.

# જિલ્લાના જળાશયોમાં ૫૧૦ મીલીયન ક્યુબિક મીટર પાણીનો જથ્થો સંગ્રહીત

## વાત્રક જળાશયમાં ૯૫ ટકા પાણીનો સંગ્રહ, ખેડૂતો માટે સિંચાઈનો પ્રશ્ન હલ

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૨૦

જિલ્લામાં આ વર્ષે ધારણા કરતાં પણ સારો વરસાદ વરસતાં જિલ્લાના ૧૨ જળાશયોમાં ૫૧૦.૨૭ મીલીયન ક્યુબિક મીટર પાણીનો જથ્થો સંગ્રહીત થયો છે. જ્યારે બાયડ, ધનસુરા અને માલપુરના ખેડૂતોની જીવાદોરી ગણાતા વાત્રક જળાશયમાં બાયડ અને માલપુર તાલુકામાં ઓછો વરસાદ છતાં ૯૫ ટકા પાણીનો સંગ્રહ થતાં ખેડૂતો માટે આગામી શિયાળ, ઉનાળુ સીઝન માટે સિંચાઈનો પ્રમ કુદરતે હલ કર્યો છે. પ્રાપ્ત જાણકારી અનુસાર રાજયના અનેક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદ વરસતાં અનેક જળાશયો વારંવાર છલકાયા તેની સરખામણીએ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પ્રમાણમાં ઓછો વરસાદ હતો પરંતુ રાજસ્થાનમાં વરસેલા ઓગષ્ટ-સપ્ટેમ્બર મહિનાના વરસાદથી જિલ્લાના જળાશયોમાં પાણીની ધારણા કરતાં વધુ આવક નોંધાતાં અત્યારે હાલ જિલ્લાના ૧૨ પૈકી ૫ જળાશય ૧૦૦ ટકા ભરાઈ ગયા છે. જયારે દરવાજા વગરના જળાશયને બાદ કરતાં અન્ય જળાશયોમાં સરેરાશ ૮૫ થી ૯૫ ટકા સુધી પાણીનો જથ્થો સંગ્રહીત થયો છે. ભાદરવામાં પણ કેટલાક વિસ્તારોમાં સારો વરસાદ વરસ્યો. જયારે એક તબક્કે વાટક જળાશય માંડ ૫૦ ટકો ભરાય તેવી સ્થિતિ હતી પરંતુ રાજસ્થાનના ઉપરવાસમાં સતત વરસાદનું જોર રહેતાં વાત્રક નદી ૨૦ દિવસ સુધી બે કાંઠે વહેતાં વાત્રક જળાશયમાં પાણીની અધધ આવક નોંધાતાં તા.૧૯ સપ્ટેમ્બરની સ્થિતિએ વાત્રક જળાશયમાં ૯૫.૦૫ ટકા પાણી સંગ્રહીત થયું છે. હવે વાત્રક જળાશય મહિનાના અંત સુધીમાં સંપૂર્ણ છલકાઈ જશે કે કેમ?? તેના ઉપર ખેડૂતોની મીટ મંડાઈ છે. ચોમાસુ શરુ થાય તે અગાઉ નબળા ચોમાસાની ભવિષ્યવાણીથી ખેડૂતો ચિંતિત હતા પરંતુ ફરી એકવાર કુદરત આગળ તમામ આગાહી ખોટી ઠરતી હોય છે તે પૂરવાર થયું છે. જિલ્લાના જળાશયોમાં ૫૧૦ મીલીયન ક્યુબિક મીટર પાણીના સંગ્રહના કારણે મોટાભાગની જૂથ યોજનાઓને નડતી પાણીની સમસ્યા પણ આપો આપ કુદરતે હલ કરી છે.



## અરવલ્લી : ઇસરી ગામના રસ્તાઓ ગંદકીથી ખદબદી ઉઠ્યા

# PHC રોડ પર પાણી ભરાઈ રહેતા દર્દીઓને હાલાકી, મચ્છરજન્ય રોગચાળો ફાટ્યો

### જીલ્લા વિકાસ અધિકારી અને તાલુકા વિકાસ અધિકારી ગંદકીથી ખદબદતા ઇસરી ગામની મુલાકાત લે તેવી ગામલોકોમાં પ્રબળ માંગ

મોડાસા, તા. ૨૦

મેઘરજ તાલુકાના ઈસરી ગામમાં ગ્રામ પંચાયત દ્વારા સફાઈની કામગીરીમાં બેદરકારી રાખવામાં આવતી હોય તેમ રોડ-રસ્તા પર પાણી ભરાઈ રહેતા અસહ્ય દુર્ગંધ અને ગંદકીથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે ગ્રામ પંચાયતમાં જાગૃત નાગરિકો દ્વારા રોડ પર ભરાઈ રહેતા પાણી અને ગંદકી અંગે વારંવાર રજુઆત કરવા છતાં કોઈ નક્કર કામગીરી ન થતા ઈસરી ગામમાં સ્વચ્છતા અભિયાનના લીરેલીરે ઉડાડતા દ્રશ્યો ઠેર ઠેર જોવા મળી રહ્યા છે સ્વચ્છતા અભિયાનની ગ્રાંટ અંગે વિજિલન્સ ટીમ દ્વારા તપાસ કરવામાં આવે તેવું ગ્રામજનો ઈચ્છી રહ્યા છે



ઈસરી ગામના મુખ્ય માર્ગ પર પાણી ભરાઈ રહેતા અસહ્ય ગંદકી અને માથું ફાડી નાખે એવી દુર્ગંધ થી લોકો તોબા પોકારી ઉઠ્યા છે મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળાનો ભોગ બની રહ્યા હોવાછતાં ગ્રામ પંચાયત રોડ પર ભરાઈ રહેલ પાણી અને ગંદકી દૂર કરવામાં આંખ આડે કાન કરતા લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે ઈસરી પ્રાથમીક આરોગ્ય કેન્દ્ર રોડ પર પાણી ભરાઈ રહેતા સારવાર લેવા આવતા દર્દીઓ, સગર્ભા મહિલાઓએ ગંદકીમાંથી પસાર થવું પડતું હોવાથી ચામડીના રોગનો ભોગ બની રહ્યા છે.

ઈસરી ગામના જાગૃત નાગરિકના જણાવ્યા અનુસાર, ગામમાં છેલ્લાં ઘણાં સમયથી ગંદકીની સમસ્યા પ્રવર્તી રહી છે.વારંવાર સ્થાનિકો દ્વારા ગંદકી મુદ્દે ગ્રામસભાઓમાં તેમજ સરપંચ અને તલાટી સમક્ષ અનેક ફરિયાદો કરવા છતાં આખ આડા કાન કરવામાં આવી રહ્યાં છે.રોડ રસ્તા પર ગંદકીના પગલે અને પાણી ભરાઈ રહેતા અનેક લોકો શંકાસ્પદ ડેન્ગ્યુ અને પાણીજન્ય રોગચાળાનો ભોગ બની રહ્યા છે પરતું સ્થાનિક પ્રતિનિધિઓના પેટનું પાણી પણ હલતું નાં હોય તેમ ગંદકીના નિકાલ બાબતે સતત દૂર્લક્ષ સેવતા ગામનાં કેટલાંક વિસ્તારોની હાલત બદથી પણ બદતર થઈ ગઈ છે.

## વાત્રક પાસે બાવળની ઝાળીમાંથી માનવ કંકાલ મળ્યું

# પશુ ચરાવતા ગોવાળીયાઓએ દુર્ગંધની દીશામાં તપાસ કરતાં ચોંકી ઉઠયા

### હાડપીંજરનું ધડ-માથું વિખૂટું થઈ જતાં રહસ્ય ઉકેલવું અઘરું

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૨૦

બાયડ તાલુકાના વાત્રકની સરકારી કોલેજની બાજુમાં આવેલ બાવળની ઝાળીઓમાંથી માનવ કંકાલ મળી આવતાં સનસનાટી મચી છે. પશુઓ ચરાવવા ગયેલા ગોવાળીયાઓએ દુર્ગંધની દીશામાં તપાસ કરતાં ઝાળીમાં હાડપીંજર જણાઈ આવતાં ચોકી ઉઠ્યા હતા. ઘણા સમયથી મૃતદેહ ઝાળીઓમાં પડી રહ્યા પછી માનવ કંકાલમાં ફેરવાઈ ગયો છે અને ધડ તેમજ માથાના અંગ વિખૂટા થઈ જતાં પોલીસ માટે રહસ્ય ઉકેલવવું અઘરુ લાગી રહ્યું છે. જિલ્લાના જંગલ વિસ્તારમાં અન્ય જિલ્લાઓમાં હત્યા કરાયેલી લાશ ફેંકી દેવાના બનાવો અગાઉ પોલીસ દફતરે નોંધાયેલા છે. ખાસ કરીને ભિલોડા તાલુકાના જંગલ વિસ્તારમાં રહસ્યમય હાલતમાં મૃતદેહ મળવાનો સિલસિલો જોવા મળ્યા પછી હવે બાયડ તાલુકાના વાત્રકના સીમાડામાંથી અત્યંત વિકૃત હાલતમાં માનવ કંકાલ મળી આવતાં પોલીસ દોડતી થઈ છે. તા.૧૮ના રોજ કેટલાક ગોવાળીયાઓ રોજીંદા ક્રમ મુજબ કોલેજની બાજુમાં આવેલા ખુલ્લા મેદાનમાં પશુઓ ચરાવવા માટે ગયા હતા તે સમયે હવામાં અત્યંત દુર્ગંધ ફેલાઈ હતી જેથી કેટલાક ગોવાળોએ દુર્ગંધની દીશામાં આવેલા બાવળની ઝાળીઓમાં તપાસ કરી જેમાં માનવ કંકાલ જોવા મળતાં ચોકી ઉઠ્યા હતા. બનાવ અંગે વાત્રકના સામાજીક કાર્યકર હિતેષ ડાહ્યાભાઈ પટેલને જાણ કરવામાં આવતાં તેઓ પણ ઘટના સ્થળે પહોંચ્યા હતા. ઘણા સમયથી ગીચ ઝાળીમાં મૃતદેહ પડી રહેવાથી સડી ગયા પછી માત્ર માનવ કંકાલના અવશેષો બચ્યા હોવાનું જોવા મળતાં પોલીસને જાણ કરવામાં આવી છે. ઘટના સ્થળે પહોંચેલી પોલીસે સ્થળ ઉપર માનવ કંકાલનું પંચનામું કરી હાલ એડી નોંધી છે. જો કે મૃતકનું કંકાલ શંકાસ્પદ હાલતમાં બાવળની ઝાળીઓમાંથી મળી આવતાં એક તબક્કે હત્યાની આશંકા પણ વ્યક્ત થઈ છે. જો કે હાલ તો પોલીસ માટે માનવ કંકાલની ઓળખ કરવી અઘરી બની છે.



**તાલુકામાં ગુમ થનાર વ્યક્તિઓની તપાસ**

બાયડ તાલુકાના વાત્રકના સીમાડામાંથી માનવ કંકાલ બાવળની ઝાળીમાંથી મળી આવતાં પોલીસ દોડતી થઈ છે. માનવ કંકાલના અંગો છૂટા થઈ ગયા હોવાથી તેમજ ઓળખ મેળવી શકાય તેવી કોઈ સ્થિતિ જ ન હોવાના કારણે હાલ પોલીસ દ્વારા તાલુકામાં ગુમ થનાર વ્યક્તિઓની તપાસ શરુ કરવામાં આવી શકે છે.

# પોષણ માહ અંતર્ગત અરવલ્લી જિલ્લા આઇ.સી.ડી.એસ. દ્વારા પોષણ માસ અંતર્ગત કાર્યક્રમ યોજાયો

બાયડ તા.૨૦

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં મહિલાઓ તેમજ બાળકોના પોષણસ્તરમાં સુધારો લાવવાના હેતુથી શરૂ કરાયેલા પોષણ માહને અનુલક્ષીને અરવલ્લી જિલ્લા આઈ.સી.ડી.એસ. દ્વારા વાનગી નિદર્શન કાર્યક્રમ યોજાયો હતો. જિલ્લાને કુપોષણમુક્ત કરવાની નેમ સાથે યોજાયેલા ઉક્ત કાર્યક્રમમાં આઈ.સી.ડી.એસ.ના જિલ્લા પ્રોગ્રામ ઓફીસરે કાર્યક્રમમાં ઉપસ્થિત મહિલાઓને બાળકના જન્મથી લઈને પ્રથમ એક હજાર દિવસ દરમિયાન બાળકોની કેવી રીતે સારસંભાળ લેવી, સગર્ભાવસ્થા દરમિયાન અને બાળકના જન્મ બાદ બે વર્ષ સુધી સ્તનપાન સાથે કાળજી લેવા અંગે જરૂરી માર્ગદર્શન પુરું પાડ્યું હતું. વધુમાં સરકારશ્રીની પોષણસુધા યોજના અંતર્ગત સગર્ભા માતાઓના ખોરાક તેમજ આયર્નની ગોળી લેવા સહિત બહારની ચીજ-વસ્તુઓ ગ્રહણ ન કરવા અંગે વિસ્તૃતમાં સમજ પુરી પાડી હતી.



પોષણ માહ અંતર્ગત અરવલ્લી RBSK ટીમ દ્વારા બાળકોનું વજન અને ઉંચાઈ માપી સૌથી વધુ તંદુરસ્ત બાળકને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યાં છે. ત્યારે ઉક્ત કાર્યક્રમમાં આંગણવાડી કાર્યકર બહેનો તેમજ ઉપસ્થિત તમામ બહેનોને પરંપરાગત વાનગીનો પર વિશેષ ભાર, ખોરાક બનાવવાની પદ્ધતિમાં બદલાવ તેમજ બહારની વસ્તુઓથી પોતે અને પોતાના પરિવારને દૂર રાખી અન્ય ગ્રામજનોને પણ જાગૃત કરવા અંગે જાણકારી આપવામાં આવી હતી. કાર્યક્રમના સ્થળે આંગણવાડ કાર્યકર દ્વારા પૌષ્ટિક અને પરંપરાગત વાનગીઓનું નિદર્શન પણ કરાયું હતું.

વર્ષ-૨૦૧૮ થી દર વર્ષે પોષણ માહની ઉજવણી થકી વડાપ્રધાનશ્રીના સુપોષિત ભારતના સ્વપ્નને ચરિતાર્થ કરવા માટે અરવલ્લી જિલ્લા વહિવટીતંત્ર પોષણ માહની ઉજવણી કરી રહ્યું છે. જેના થકી મહિલાઓ અને બાળકોને પોષણ અને પોષણયુક્ત ખોરાક વિષે જાગૃત કરવાના હેતુથી આ વર્ષે પોષણ માહની ઉજવણી પ્રસંગે પોષણ પંચાયત પર વિશેષ ભાર મુકવામાં આવી રહ્યો છે. આઈ.સી.ડી.એસ.ના પ્રોગ્રામ ઓફિસર દ્વારા પ્રત્યેક ગ્રામ પંચાયતોમાં સરપંચશ્રી તેમજ ગામના આગેવાનો સાથે સંકલન સાધીને ગામની તમામ માતા-બહેનો તેમજ બાળકોના પોષણ સ્તરને સુધારવા માટે પોષણ માહ અંતર્ગત ખાસ ઝુંબેશ શરૂ કરવા જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવી રહ્યું છે.

# ખેડબ્રહ્મા-પોશીના પંથકમાં શાકભાજી, મકાઈ ડોડા દેવને ચઢાવ્યા પછી જ ખાવાની પ્રથા

## આદિવાસી પરિવારોમાં પરંપરાનું વર્ષોથી પાલન

બાયડ (બ્યુરો ઓફીસ), તા.૨૦

ખેડબ્રહ્મા-પોશીના પંથકના આદિવાસી વિસ્તારોમાં ચોમાસાની સીઝનમાં નવો પાક તૈયાર થાય એટલે પહેલાં દેવને ચઢાવવાની પરંપરા છે. ભાદરવા માસમાં તૈયાર થતી શાકભાજી હોય કે મકાઈ ડોડ આદિવાસી પરિવારો તેને દેવને ચઢાવ્યા પછી જ પોતે ખાવાના ઉપયોગમાં લેતા હોય છે. આદિવાસી પરિવારોમાં આ પરંપરાનું આજે પણ વર્ષોથી પાલન થઈ રહ્યું છે. આજના આધુનિક યુગમાં પણ આદિવાસી પરિવારોમાં વર્ષો જૂની પરંપરાઓનું શ્રદ્ધાપૂર્વક પાલન થઈ રહ્યું છે. કુદરતના સાનિધ્યમાં જંગલ વિસ્તારમાં વસવાટ કરતા આદિવાસી પ્રજાજનો તેમજ ખેડૂતોની માન્યતામાં કોઈ ઓટ આવી નથી જેથી સમયાંતરે આદિવાસી વિસ્તારોમાં કુદરત અને પ્રકૃતિનો આભાર વ્યક્ત કરવાની પ્રથાઓ જોઈ આશ્ચર્ય થતું હોય છે. ખેડબ્રહ્મા અને પોશીના તાલુકામાં વસવાટ કરતી આદિવાસી પ્રજા અનેક અગવડો વચ્ચે પણ કુદરતમાં અતૂટ શ્રદ્ધા ધરાવે છે. ખાસ કરીને ગ્રામ્ય દેવતા ઉપર આદિવાસી પ્રજાને વધુ ભરોસો રહેતો હોય છે જેમાં કોઈપણ મુશ્કેલી હોય કે પછી ઢોરઢાંખર બિમાર પડે ત્યારે પણ સ્થાનિક પ્રજા ગામના દેવમંદિરો સમક્ષ જઈ પ્રાર્થના કરી મુશ્કેલીમાંથી મુક્તિ મેળવવા માટે પ્રાર્થના કરતી હોય છે. જ્યારે પ્રાર્થના ફળીભૂત થાય ત્યારે માનેલ માનતા પૂરી કરવામાં આવતી હોય છે તેમાંય વન સંપદા આદિવાસી પરિવારોની મહામૂલી મૂડી હોવાથી વૃક્ષોનું જતન કરવાની સાથે પ્રકૃતિ પ્રત્યે અહોભાવ પોતાની રીતે વ્યક્ત કરાતો હોય છે. જિલ્લામાં આ વર્ષે સારા ચોમાસાના કારણે આદિવાસી વિસ્તારોમાં લીલીછમ હરિયાળી ખીલી છે. ખેડબ્રહ્મા અને પોશીના તાલુકાના અંતરીયાળ ગામડાઓમાં લીલાછમ ડુંગર અને ખળખળ વહેતા ઝરણાંના કારણે જાણે કે કેરાલાના પર્યટક સ્થળોએ ફરતા હોય તેવો આભાસ થઈ રહ્યો છે. હાલ ખરીફ સીઝનમાં આદિવાસી ખેડૂતોએ પરંપરાગત ધાન્યતા પાકનું વાવેતર કર્યું છે અને હવે ટૂંક સમયમાં પાક ઉપજ તૈયાર થશે. હાલ શાકભાજી પાક તેમજ મકાઈ ડોડા તૈયાર થયા હોવાના કારણે હવે આદિવાસી પરિવારોએ દેવ સમક્ષ પાક ચઢાવવાની શરુઆત કરી દીધી છે. વર્ષોથી આ પ્રણાલીનું પાલન કરવામાં આવી રહ્યું છે. ભાદરવામાં તૈયાર થયેલા ભીંડા હોય કે પછી અન્ય શાકભાજી દેવને ચઢાવ્યા પછી જ તેનો ખાવામાં ઉપયોગ કરાતો હોય છે તે જ રીતે મકાઈ ડોડાનો પાક પણ આદિવાસી પરિવારો દેવ સમક્ષ ધર્યા પછી જ શેકીને ખાવામાં ઉપયોગ કરતા હોય છે. વર્ષોથી શાકભાજી તેમજ મકાઈ ડોડા મંદિરમાં દેવને ચઢાવવાની પ્રથા આ વિસ્તારમાં એકબંધ રહી હોવાથી આજના આધુનિક યુગમાં પણ આદિવાસી પરિવારોની કુદરત પ્રત્યે અહોભાવ વ્યક્ત કરવાની શ્રદ્ધાને અનેક લોકો નમન કરી રહ્યા છે.



**કુળદેવીને નૈવેદ્ય ધરાવ્યા પછી ભોજન આરોગવાની પ્રથા**

ખેડબ્રહ્મા, પોશીના તાલુકાના આદિવાસી વિસ્તારોમાં પ્રથમ પાક તેમજ શાકભાજી સહિતની ચીજવસ્તુઓ સીઝનમાં પ્રથમ દેવરાબાવચી, કુળદેવીના મંદિરે ચઢાવ્યા પછી જ તેનો ખાવામાં ઉપયોગ થતો હોય છે. આ વિસ્તારની વિરાફળો શાળાના શિક્ષક બીરબલ રાઠોડે જણાવ્યું હતું કે આદિવાસીઓમાં આ વર્ષોથી ચૂસ્ત માન્યતા ચાલી આવી છે અને નાનું બાળક પણ કુળદેવીને નૈવેદ્ય સ્વરુપે શાકભાજી કે મકાઈ ડોડ ચઢાવ્યા વગર આરોગી શકતું નથી. ભીલ જનજાતિમાં દેવના નૈવેદ્ય ઉપરાંત ભાદરવા માસમાં પાકતું અનાજ તેમજ શાકભાજી પૂર્વજોને પણ અર્પણ કરવામાં આવતું હોય છે.